## સંક્ષિપ્ત સમાચાર

### પાદરામાં ગણેશોત્સવ સાથે સાયબર સુરક્ષાનો સંદેશ, ‘Think Before You Click’ની અપીલ



**પાદરા :** પાદરા પોલીસ સ્ટેશન દ્વારા આ વર્ષે શ્રી ગણેશોત્સવની ઉજવણીને સામાજિક જાગૃતિ સાથે જોડીને ‘પાદરા સાયબર ગણેશ 2026’ના અનોખા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. ‘Faith Awareness Cyber Safety’ના સંદેશ સાથે યોજાઈ રહેલી આ પહેલનો મુખ્ય હેતુ નાગરિકોમાં સાયબર ગુનાઓ અંગે જાગૃતિ લાવવાનો તેમજ ડિજિટલ વ્યવહારો દરમિયાન જરૂરી સાવચેતી રાખવા માટે માર્ગદર્શન આપવાનો છે. હાલના ડિજિટલ યુગમાં બાળકો, યુવાનો, મહિલાઓ અને વડીલો સહિત સમાજનો મોટો વર્ગ મોબાઇલ, ઈન્ટરનેટ, UPI અને સોશિયલ મીડિયા સાથે જોડાયેલો છે. ડિજિટલ સુવિધાઓના વધતા ઉપયોગ સાથે OTP ફ્રોડ, UPI તથા QR કોડ સ્કેમ, ફેક લિંક, ફેક ઈન્વેસ્ટમેન્ટ, સોશિયલ મીડિયા ફ્રોડ, લોન એપ, નોકરીના નામે છેતરપિંડી તેમજ સાયબર બુલિંગ જેવા ગુનાઓનું જોખમ પણ વધી રહ્યું છે. ગણેશોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એકત્ર થતા હોવાથી આ ધાર્મિક આયોજનને સાયબર અવેરનેસના જાહેર પ્લેટફોર્મ તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ પાદરા પોલીસ દ્વારા કરવામાં આવ્યો છે. ‘પાદરા સાયબર ગણેશ 2026’ અંતર્ગત નાગરિકોને વિવિધ પ્રકારની ઓનલાઈન છેતરપિંડી કેવી રીતે થાય છે અને તેનાથી બચવા માટે કઈ સાવચેતી રાખવી જોઈએ તે અંગે સરળ ભાષામાં માહિતી આપવામાં આવશે. આ અભિયાનમાં ખાસ કરીને OTP કોઈની સાથે શેર ન કરવો, અજાણી લિંક પર ક્લિક ન કરવું, UPI પિન કે બેન્કિંગ વિગતો કોઈને ન આપવી, અજાણ્યા વ્યક્તિને મોબાઇલનો રિમોટ એક્સેસ ન આપવો સહિતની બાબતો અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે. સાથે જ ફેક ઈન્વેસ્ટમેન્ટ, લોન એપ અને જોબ ફ્રોડ જેવા કિસ્સાઓમાં લોકો કેવી રીતે છેતરાઈ શકે છે તેની પણ સમજ આપવામાં આવશે.



અંબિકા યુવક મંડળ-પાદરા



બળિયાદેવ યુવક મંડળ-પાદરા



ભાવસારવાડ યુવક મંડળ-પાદરા



ચાંચરી માતા યુવક મંડળ-પાદરા



છીપવાડા નાકા યુવક મંડળ-પાદરા



ગણેશ ચોક યુવક મંડળ-પાદરા



હરિઓમ નગર સોસાયટી-પાદરા



જનક ચોક યુવક મંડળ-પાદરા



કોઠી ફળિયા યુવક મંડળ-પાદરા



કરિશ્મા સોસાયટી મિત્ર મંડળ - પાદરા

ચાર ઇંચ વરસાદમાં નગર જળબંબાકાર થતાં તાલુકા કોંગ્રેસનું આક્રમક વલણ

# કરજણ પાલિકાની પ્રિમોન્સૂન કામગીરી શંકાના ઘેરામાં

**અગાઉ** રજૂઆત છતાં પાણી ભરાતા કામગીરીની ગુણવત્તા સામે કોંગ્રેસનો આક્ષેપ



(પ્રતિનિધિ) કરજણ, તા.16

કરજણ શહેરમાં ગત તા. ૧૫ સપ્ટેમ્બરે વરસેલા અંદાજે ચાર ઈંચ વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં નગરપાલિકાની પ્રિમોન્સૂન કામગીરી સામે સવાલો ઊભા થયા છે. આ મુદ્દે કરજણ તાલુકા કોંગ્રેસ દ્વારા આક્રમક વલણ અપનાવી પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસના કાર્યકરોએ બેનરો સાથે નગરમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી નગરપાલિકા તંત્રની કામગીરી સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. “કરજણ કોના પ્રતાપે ડૂબ્યું? અનગઢ વહીવટના પ્રતાપે!” જેવા સૂત્રોચ્ચાર સાથે કોંગ્રેસના કાર્યકરોએ પ્રાંત અધિકારી સમક્ષ રજૂઆત કરી હતી.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, ચોમાસાની શરૂઆત પહેલાં જ નગરમાં પ્રિમોન્સૂન કામગીરી યોગ્ય રીતે હાથ ધરવા અંગે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. નગરના વરસાદી પાણીના નિકાલ માટેની ગટર વ્યવસ્થા, કાંસ-કાંસડા તથા પાણીના નિકાલના માર્ગોની સફાઈ સહિતની કામગીરી સમયસર અને યોગ્ય રીતે કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

જોકે, અગાઉ રજૂઆત કરવા છતાં માત્ર ચાર ઈંચ જેટલા વરસાદમાં જ કરજણ શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં પ્રિમોન્સૂન કામગીરીની ગુણવત્તા અને આયોજન સામે ગંભીર સવાલો ઊભા થયા હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે.

કોંગ્રેસે સમગ્ર મામલે જવાબદાર તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી પાણી ભરાવાના કાયમી ઉકેલ માટે અસરકારક કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ કરી છે. બીજી તરફ, નગરમાં સામાન્ય વરસાદમાં પણ જળબંબાકારની સ્થિતિ ન સર્જાય તે માટે નગરપાલિકા તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે તેવી સ્થાનિકોમાં પણ માંગ ઉઠી રહી છે.

# પાદરા હાઈવે પરથી રૂ. ૧૧.૭૭ લાખનો દારૂ ભરેલી ગાડી ઝડપાઈ

**બોલેરોમાંથી** વિદેશી દારૂની ૧૬૨ પેટી મળી આવી



(પ્રતિનિધિ) પાદરા, તા. 16

પાદરા પોલીસ મથક વિસ્તારમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર રેસ્ટ એરિયા નજીક લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પ્રોહિબિશન વોચ દરમિયાન દારૂ ભરેલી બોલેરો પીકઅપ ગાડી ઝડપી પાડી હતી. જોકે ગાડીનો ચાલક પોલીસને જોઈ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો.

મળીતી માહિતી મુજબ મુંબઈ તરફથી સફેદ રંગની બોલેરો પીકઅપ આવતા તે શંકાસ્પદ જણાઈ હતી. પોલીસે ગાડી રોકવાનો ઈશારો કરતાં ચાલકે ગાડી નહીં રોકી હાઈવે પર આગળ દોડાવી હતી. પોલીસ ટીમે પીછો કરતાં ચાલકે દરાપુરા-પાટોદ બ્રિજ નીચે ભારતમાલા હાઈવે રોડની સાઈડમાં ગાડી પાર્ક કરી નાસી જવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે તેને પકડવા પ્રયાસ કર્યો હતો, પરંતુ ચાલક અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો.

ત્યારબાદ માં બોલેરો પીકઅપની તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની 162 પેટી, જેની અંદાજિત કિંમત રૂ. 7,76,600 હોવાનું સામે આવ્યું હતું. પોલીસે રૂ. 4 લાખની બોલેરો પીકઅપ સહિત કુલ રૂ. 11,76,600નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વર્ષો જૂની પરંપરા જાળવી રાખતા જૈન સમાજમાં જોવા મળ્યો ભારે ઉત્સાહ

# બોડેલીમાં ભક્તિભેર પાંચમનો મેળો, મહાવીરની શોભાયાત્રામાં ઉમટ્યો જનસાગર



(પ્રતિનિધિ) બોડેલી, તા.16

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ ભાદરવા સુદ પાંચમના પવિત્ર દિવસે પાંચમના મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળો ‘પાંચિયા ના મેળા’ તરીકે પણ ઓળખાય છે.

બોડેલીના જૈન દેરાસર મંદિર દ્વારા ભગવાન મહાવીર સ્વામી તથા તપસ્વીઓની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બોડેલી તેમજ આસપાસના ગામોમાંથી જૈન સમાજના શ્રદ્ધાળુઓ ભજન મંડળીઓ સાથે મોટી સંખ્યામાં બોડેલી પહોંચ્યા હતા. મંદિર ખાતે ભગવાન મહાવીર સ્વામીના દર્શન કર્યા બાદ શ્રદ્ધાળુઓ શોભાયાત્રામાં જોડાયા હતા.

જૈન મંદિરથી નીકળેલી શોભાયાત્રા અલીપુરા, બોડેલી મુખ્ય બજાર અને ઢોકલીયા થઈ પરત જૈન મંદિર ખાતે પહોંચી હતી. શોભાયાત્રા દરમિયાન ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો અને ભગવાન મહાવીર સ્વામીના જયઘોષથી સમગ્ર માર્ગ ગુંજી ઉઠ્યો હતો.

પાંચમના મેળામાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓએ આનંદ અને ઉલ્લાસ સાથે ભાગ લીધો હતો. વર્ષો જૂની પરંપરાને જાળવી રાખતા આ મેળા અને શોભાયાત્રાને લઈને જૈન સમાજમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# સંખેડા પોલીસ સ્ટેશનમાંથી ફરાર થયેલો આરોપી ઝડપાયો

**બોડેલી** કેનાલ વિસ્તારમાં છુપાયો હોવાની બાતમી મળતાં કાર્યવાહી



(પ્રતિનિધિ) સંખેડા, તા. 16

સંખેડા પોલીસ સ્ટેશનમાંથી થોડા દિવસો અગાઉ પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયેલો આરોપી આખરે સંખેડા પોલીસના સકંજામાં આવી ગયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, સંખેડા પોલીસ સ્ટેશનમાં કોઈ ગુનાના કામે લાવવામાં આવેલ આરોપી પોલીસની નજર ચૂકવીને ફરાર થઈ ગયો હતો. આરોપી ફરાર થતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી અને તેને પકડવા માટે અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી.

દરમિયાન સંખેડા પોલીસને બાતમી મળી હતી કે ફરાર આરોપી બોડેલી કેનાલ વિસ્તારમાં છુપાયેલો છે. બાતમીના આધારે સંખેડા પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.યુ. ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે તાત્કાલિક બોડેલી કેનાલ પાસે છટકું ગોઠવી આરોપીને દબોચી લીધો હતો. આરોપીને ઝડપી પાડી સંખેડા પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ પી.આઈ. જે.યુ. ગોહિલ દ્વારા આરોપી વિરુદ્ધ ફરાર થવા બદલ અને અગાઉના ગુના સંદર્ભે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપીને ઝડપી પાડતા પોલીસે રાહતનો શ્વાસ લીધો છે.

## લઘુમતી મોરચાએ PMને જન્મદિનની શુભેચ્છાના હજારો પોસ્ટકાર્ડ મોકલ્યા



(પ્રતિનિધિ) ડભોઇ, તા. 16

દેશ ના માનનીય યશશ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના જન્મદિન 17 મી સપ્ટેમ્બર ની ઉજવણી ના ભાગરૂપે “ લોક સેવા અભિયાન “ અંતરગત જુદીજુદી યોજનાઓના લાભાર્થીઓ પાસે હજારો પોસ્ટકાર્ડ લખાવી વડોદરા જિલ્લા લઘુમતી મોરચાના મહામંત્રી ધ્વારા ગાંધીનગર કમલમ ખાતે પ્રદેશ લઘુમતી મોરચાના પ્રમુખ નાહિનભાઈ કાજી ને કાર્યાલય ખાતે રૂબરૂ મળી અર્પણ કરાયા હતા. મુલાકાત દરમિયાન ચાય પે ચર્ચા થઈ અને પ્રદેશ પ્રમુખ નાહીનભાઈ કાજી એ જિલ્લા લઘુમતી મોરચાની કામગીરી ની પ્રસંશા કરી હતી.

# રંગપુર નાકા પાસે દારૂ ભરેલી સ્કોર્પિયો ઝડપાઈ

**છોટાઉદેપુર** LCBએ રૂા. ૧૩.૪૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 16

છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ એક મોટી સફળતા મેળવતા છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારના રંગપુર નાકા પાસે રોડ પરથી રૂ. ૩,૨૧,૦૦૦ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને સ્કોર્પિયો ફોર વ્હીલર ગાડી સહિત કુલ રૂ. ૧૩,૪૪,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે ચાર ઇસમોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદીપ સિંહ અને છોટાઉદેપુર પોલીસ અધીક્ષક ઈમ્તીયાઝ શેખ દ્વારા જીલ્લામાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરવા અને પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે છોટાઉદેપુર LCBના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એફ.ડામોરના માર્ગદર્શન હેઠળ LCB સ્ટાફના માણસો છોટાઉદેપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ટેલિફોનિક બાતમી મળી હતી કે, એક કાળા કલરની મહિન્દ્રા કંપનીની સ્કોર્પિયો ગાડી (રજી. નં. GJ-36-AR-0004) માં પરમીટ વગરનો વિદેશી દારૂ ભરીને સુરખેડા તરફથી છોટાઉદેપુર તરફ આવી રહી હતી.

# ગુંડીયા-રામપુરા માર્ગ ઝાડી-ઝાંખરાથી સાંકડો, અકસ્માતનો ભય



**કાંટાળી** ઝાડીઓ રસ્તા વચ્ચે આવતાં વાહનચાલકો અને રાહદારીઓને હાલાકી

(પ્રતિનિધિ) સંખેડા, તા. 16

સંખેડા તાલુકાના ગુંડીયાથી રામપુરા જતા મુખ્ય માર્ગ પર બંને બાજુ ઝાડી-ઝાંખરા અને ગાંડા બાવળ મોટા પ્રમાણમાં ઉગી નીકળ્યા હોવાથી રાહદારીઓ અને વાહનચાલકોને અવર-જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, હાલ રસ્તો સાંકડો થઈ ગયો છે અને કાંટાળી ઝાડીઓ રસ્તા વચ્ચે આવી ગઈ છે. ચોમાસામાં વરસાદ પડતા જ આ ઝાડી-ઝાંખરા વધુ વધી જવાના કારણે રસ્તો સંપૂર્ણ રીતે ઢંકાઈ જવાની ભીતિ છે, જેના કારણે અકસ્માતનો ભય પણ વધી ગયો છે. રાત્રિના સમયે પસાર થવું વધુ જોખમી બન્યું છે.

આ માર્ગ પરથી દરરોજ ગુંડીયા, રામપુરા, કડવાકોઈ સહિતના ગામના લોકો, વિદ્યાર્થીઓ અને ખેડૂતો પસાર થાય છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે જંગલ કટિંગ અને રસ્તાની સાફ-સફાઈની કામગીરી હાથ ધરવામાં આવે તેવી ગ્રામજનો દ્વારા માંગ ઉઠવા પામી છે.

# બોડેલીના ધાણકાવાડમાં ફરીથી આંગણવાડી શરૂ કરવાની માંગ

**૭૦૦ની** વસ્તી ધરાવતા વિસ્તારમાં ૮૦ જેટલા બાળકોને લાભ મળવાની શક્યતા



(પ્રતિનિધિ) બોડેલી, તા. 16

બોડેલી નગરના ધાણકાવાડમાં લાંબા સમયથી બંધ પડેલી આંગણવાડી ફરી શરૂ કરવાની માંગ ઉઠી છે. ધાણકાવાડ બોડેલી શહેરના સૌથી જૂના ફળિયાઓ પૈકીનું એક છે અને અહીં મોટી સંખ્યામાં આર્થિક રીતે નબળા તથા પછાત પરિવારો વસવાટ કરે છે. આશરે ૭૦૦ની વસ્તી ધરાવતા આ વિસ્તારમાં નાના બાળકો માટે આંગણવાડીની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી વાલીઓ અને સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, વર્ષો અગાઉ ધાણકાવાડમાં આંગણવાડી કાર્યરત હતી, પરંતુ હાલમાં તે બંધ છે. આંગણવાડી માટેનો રૂમ હજુ ઉપલબ્ધ છે, પરંતુ સમયાંતરે મેન્ટેનન્સ ન થવાના કારણે તેની હાલત સુધારવાની જરૂર છે. રૂમનું જરૂરી રિનોવેશન અને મરામત કરવામાં આવે તો ફરી આંગણવાડી શરૂ કરી શકાય તેમ છે. બાળકોને નુકસાન થવાની શક્યતા હોવાથી ઈમારતની સલામતી તપાસી જરૂરી કામગીરી કરવી પણ જરૂરી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

તંત્રની રાહ જોયા વિના યુવાઓએ ઉપાડી સફાઈની જવાબદારી

# વર્ષોથી અવરોધાતો આર.સી.સી. રોડ સ્થાનિક યુવાઓએ જાતમહેનતે કર્યો સાફ

**જેતપુરપાવી** રેલવે સ્ટેશન વિસ્તારમાં વર્ષોથી જાડી-ઝાંખરનો કબજો, સ્થાનિકોની હાલાકી વચ્ચે યુવાઓ જાતે સફાઈમાં જોડાયા



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.16

છોટાઉદેપુર જિલ્લાના જેતપુરપાવી રેલવે સ્ટેશન વિસ્તારમાં આર.સી.સી. રોડની આસપાસ વર્ષોથી જાડી-ઝાંખરનો વધારો થતાં સ્થાનિકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. રોડની બંને બાજુ ઊગી નીકળેલી ઝાડી-ઝાંખર અને ગાંડા બાવળના કારણે માર્ગ સાંકડો બન્યો હતો. આ સમસ્યા અંગે સ્થાનિકો દ્વારા સંબંધિત તંત્રનું વારંવાર ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં યોગ્ય કામગીરી ન થતાં લોકોમાં નારાજગી જોવા મળી હતી.

સમસ્યાથી કંટાળેલા સ્થાનિક યુવાઓએ તંત્રની રાહ જોવાને બદલે જાતે જ સફાઈ કરવાની પહેલ કરી હતી. યુવાઓએ સામૂહિક રીતે આગળ આવી આર.સી.સી. રોડની આસપાસ ઉગી નીકળેલી જાડી-ઝાંખર દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. રસ્તાની બાજુમાં વધેલી કાંટાળી વનસ્પતિ અને અન્ય ઝાડીઓ હટાવી માર્ગને સાફ કરવામાં આવ્યો હતો.

યુવાઓની મહેનતથી લાંબા સમયથી અવરોધરૂપ બનેલી ઝાડી-ઝાંખર દૂર થતાં માર્ગ ફરી અવરજવર માટે ઉપયોગી બન્યો હતો. સ્થાનિકોએ યુવાઓની આ પહેલને બિરદાવી હતી. તંત્રની રાહ જોયા વિના પોતાના વિસ્તારની સમસ્યા દૂર કરવા માટે યુવાઓએ હાથ ધરેલી કામગીરીથી **‘જાત મહેનત જિંદાબાદ’**નો સંદેશ પણ જોવા મળ્યો હતો. સ્થાનિકોમાં હવે નિયમિત સફાઈ અને જાળવણીની કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# વિટોજ ગ્રામ પંચાયતના વહીવટ સામે ગંભીર આક્ષેપો

**વોર્ડ નં.** ૪ના ચૂંટાયેલા સભ્યે TDOને લેખિત રજૂઆત કરી



(પ્રતિનિધિ) સાવલી, તા. 16

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના વિટોજ ગ્રામ પંચાયતમાં વહીવટી અનિયમિતતાઓને લઈને ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. પંચાયતના જ વોર્ડ નં. ૪ ના ચૂંટાયેલા સભ્ય દ્વારા તાલુકા વિકાસ અધિકારી (TDO) ને લેખિત રજૂઆત કરીને પંચાયતની કામગીરી સામે પારદર્શિતા અને નિયમોના પાલનને લઈને સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

વહીવટ પર ગંભીર આક્ષેપ: રજૂઆતમાં મુખ્ય આરોપ મૂકવામાં આવ્યો છે કે વિટોજ ગ્રામ પંચાયતનો વહીવટ કાયદેસરના મહિલા સરપંચના બદલે તેમના દિયર દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે. ગ્રામ પંચાયત દ્વારા થતા વિકાસના કાર્યો અને અન્ય વહીવટી કામગીરીમાં નીતિ-નિયમોનું પાલન થતું નથી અને વોર્ડ સભ્યોને જરૂરી માહિતી પણ સમયસર આપવામાં આવતી નથી. વોર્ડ સભ્યે પંચાયતની તમામ મિટિંગો નિયમ મુજબ બોલાવવામાં આવે, ગામના વિકાસ કામોની પારદર્શક માહિતી પૂરી પાડવામાં આવે અને ચૂંટાયેલા સભ્ય તરીકે પોતાની જવાબદારી નિભાવવાની યોગ્ય તક આપવામાં આવે તેવી માંગ કરી છે. સમગ્ર મામલે TDO સમક્ષ લેખિત રજૂઆત કરી વહેલી તકે તપાસ હાથ ધરી યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.